વડોદરાની સૌથી મોટી સરકારી હોસ્પિટલની ગંભીર લાપરવાહી

# SSG હોસ્પિટલના ઈમર્જન્સી વિભાગ પાસે શોર્ટ સર્કિટથી આગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરની મધ્ય ગુજરાતની સૌથી મોટી એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે આજે એક મોટી દુર્ઘટના ટળી હતી. હોસ્પિટલના ઈમર્જન્સી વિભાગ પાસે અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાની ઘટના સામે આવી છે.

સદનસીબે, સમયસૂચકતા દાખવીને ત્યાના સિક્યુરિટી ગાર્ડે ફાયર એક્સ્ટિંગવિશર ની મદદથી તાત્કાલિક આગ પર કાબુ મેળવી લીધો હતો, જેના કારણે કોઈ મોટી જાનહાની કે નુકસાન થતું અટક્યું હતું. ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા જ આગ બુઝાવી દેવામાં આવી હતી. આ ઘટના બાદ હોસ્પિટલ પ્રશાસનની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખુલી ગઈ છે.



આગ બુઝાવવાની કામગીરી દરમિયાન અનેક ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા ફાયર કર્મચારીઓ પાસે સેફટી શુઝ, હેન્ડ ગ્લવ્ઝ અને હેલ્મેટ જેવા પ્રાથમિક સુરક્ષાના સાધનો પણ ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત, આગ ઓલવતી વખતે પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ ઉઠ્યો છે.

જે સુરક્ષાના ધોરણો સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. આ સામાન્ય અકસ્માત અને કોન્ટ્રાક્ટ પ્રણાલીની કામગીરી પર ઉઠેલા સવાલો બાદ શહેરમાં ભારે ચર્ચા જાગી છે કે જો આનાથી મોટો બનાવ બને તો તેની જવાબદારી કોની ? આ સમગ્ર માનેલી લાપરવાહી અને વ્યવસ્થા સામે કડક તપાસ કરી, જવાબદાર કર્મચારીઓ તેમજ એજન્સી સામે કાયદાકીય અને યોગ્ય પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

માર્ગ બંધ થતા લોકોને હાલાકી

# નંદેસરીમાં રેલવે ફાટક બંધ રહેતા ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા નજીક આવેલા ઔદ્યોગિક વિસ્તાર નંદેસરીમાં રેલવે ફાટક અને બ્રિજની સમસ્યાએ લોકોના નાકે દમ લાવી દીધો છે. આજે તો હદ ત્યારે થઈ જ્યારે નંદેસરી ચોકડીથી નંદેસરી જવાના માર્ગ વચ્ચે આવેલું ફાટક બંધ રહેતા એક ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ ફાટકમાં ફસાઈ ગઈ હતી. બીજી તરફ અન્ય વાહનચાલકો પણ અટવાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, 108 એમ્બ્યુલન્સ નંદેસરીમાં એક દર્દીને લેવા જઈ રહી હતી, તે સમયે અચાનક ફાટક બંધ થઈ જતા એમ્બ્યુલન્સ ચાલકને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમય સુધી ફાટક બંધ રહેતા એમ્બ્યુલન્સ લાઈનમાં ફસાયેલી રહી હતી. સ્થાનિકોનું કહેવું છે કે, નંદેસરીનો ફાટક લાંબો સમય સુધી બંધ રહે છે, અને મીની નદી બ્રિજ



બંધ છે. બ્રિજ પર ભારદારી વાહનોને પ્રતિબંધ છે. મહત્વની બાબત એ છે કે ઔદ્યોગિક વિસ્તારને જોડતા આ બંને મુખ્ય માર્ગો કોઈપણ સત્તાવાર ડાયવર્ઝન કે વૈકલ્પિક આયોજન વિના બંધ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે અહીંથી પસાર થતા હજારો વાહનચાલકો, કામદારો અને સ્થાનિકોને રોજેરોજ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. મેન્યુઅલી ઓપરેટ થતો હોવાથી કલાકો સુધી ફાટક બંધ રહેતા વાહનોની લાંબી કતારો લાગી જાય છે.

## ટ્રકમાંથી સળિયા ચોરીનો પ્રયાસ, પાણીગેટ પોલીસે ૫ સામે ગુનો નોંધ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

સીકોતરમાતાના મંદિર પાસે, ગામ-ઉંડવી, તા.જી-ભાવનગર ખાતે રહેતા ફરિયાદી હરસુરભાઈ વાલાભાઈ ચાડે ફરિયાદ નોંધાવી છે કે, ગત તા.12 ના રોજ બપોરે 2.30 થી સાંજે 6.00 વાગ્યા દરમ્યાન જીવનનગર વુડાના મકાન અને કામવન ડુપ્લેક્સ વચ્ચેના રોડ, વાઘોડિયા રોડ ખાતે પાર્ક કરેલી તેઓની ટ્રાન્સપોર્ટ કંપનીની ટ્રક રજી. નં. GJ-12-AZ-2429 માંથી કોઈ મંજૂરી વગર અને જાણ બહાર ચોરી કરવાના ઈરાદે આરોપીઓ આવ્યા હતા. આરોપીઓમાં શેતાનારામ બીરબલરામ જાંગુ બિશ્નોઈ) રહે-ગામ જોટડા, તા-ચીતલવાના, જી-ઝાલોર, રાજસ્થાન, રુદ્ર રમેશભાઈ વણઝારા રહે-સાઈદર્શન એપાર્ટમેન્ટ, આકાશવાણી હાઉસિંગ બોર્ડ, ડોન બોસ્કો સ્કૂલ પાસે, માંજલપુર, હરીશભાઈ દિવાલભાઈ ઉર્ફે દિવાનભાઈ વણઝારા તે જ સ્થળ, રાજુભાઈ વલ્લભભાઈ બારીયા અને હિતેશ ઓડનો સમાવેશ થાય છે.

ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

# LEO PLAZAના વીજ મીટરોમાં આગથી દહેશત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરના ગેંડા સર્કલ પાસે આવેલા LEO PLAZA કોમ્પ્લેક્સમાં આજે સવારે આગનો બનાવ બનતા અફરાતફરી મચી ગઈ હતી. કોમ્પ્લેક્સના એન્ટ્રન્સ દાદર નજીક આવેલા વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ થતા અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગતાની સાથે જ આખા કોમ્પ્લેક્સમાં ધુમાડો પ્રસરી ગયો હતો, જેના કારણે ઉપરના માળે રહેલા ચારથી વધુ વ્યક્તિઓ ફસાઈ ગઈ હતી.

ધુમાડાના ગોટેગોટાને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ વડીવાડી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સમયસૂચકતા દાખવતા તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. ધુમાડો વધુ હોવાથી



જવાનોને ઓક્સિજન માસ્ક પહેરીને રેસ્ક્યુ ઓપરેશન કરવાની ફરજ પડી હતી. ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડના જવાનોએ ફસાયેલા તમામ લોકોને સહીસલામત રીતે બહાર કાઢ્યા હતા.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવીને વધુ મોટી દુર્ઘટના ટાળી હતી.

ગરમીના કારણે આગના બનાવોમાં વધારો

# પોલિટેકનિક પાસે નજીક ચાલુ કારમાં ભભૂકી આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં ગરમીનો પારો ઊંચો જતા આગના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે બપોરે પોલિટેકનિક નજીક એક ચાલુ જીપમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, પોલિટેકનિક પાસેથી પસાર થઈ રહેલી એક ટેક્સી પાસિંગ તુફાન જીપમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ચાલુ જીપમાં આગ લાગી હોવાની જાણ થતા જ ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તુરંત જ જીપને રોડની સાઈડમાં પાર્ક કરી દીધી હતી અને બહાર નીકળી જતા તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ વાડી ફાયર સ્ટેશનને કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જીપને ભારે નુકસાન થયું છે.

ગંદા શૌચાલયો અને અસ્વચ્છ ગ્લાસ વચ્ચે પાણી પીવા મજબૂર નાગરિકો

# વડોદરા પાલિકાની આરોગ્ય કચેરીમાં જ સ્વચ્છતા અને શુદ્ધ પાણીના ફાંફા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરના નાગરિકોને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા અને સ્વચ્છતાના મોટા દાવા કરતી વડોદરા મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર પોતાના જ ઘરઆંગણે ફેલ સાબિત થઈ રહ્યું છે. વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તક આવતા જન્મ-મરણ અને લગ્ન નોંધણી વિભાગના શહેરના મુખ્ય મથકે જ કથળેલી સ્વચ્છતા અને બેદરકારીના ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. રોજબરોજ પોતાના જરૂરી દસ્તાવેજો અને કામકાજ માટે હજારોની સંખ્યામાં આવતા નાગરિકોને અહીં પ્રાથમિક સુવિધાઓના અભાવે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મહાનગરપાલિકાની આ મુખ્ય કચેરીમાં શૌચાલયની હાલત અત્યંત દયનીય અને કથળેલી જોવા મળી છે. એટલું જ નહીં, નાગરિકોની તરસ



છીપાવવા માટે મૂકવામાં આવેલા પીવાના પાણીના આર.ઓ. પ્લાન્ટની યોગ્ય સફાઈનો સંપૂર્ણ અભાવ વર્તાઈ રહ્યો છે. આર.ઓ. મશીન પર ધૂળ અને ગંદકીના જાડા થર ગયા છે, જે તંત્રની ઘોર બેદરકારીની પોલ ખોલે છે. સૌથી ગંભીર બાબત એ છે કે પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા ગ્લાસની સ્વચ્છતા સામે પણ ગંભીર સવાલો ઉભા થયા છે. જે પાણી આરોગ્ય કચેરીમાં આવતા નાગરિકો પી રહ્યા છે, તે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

આ સમગ્ર પરિસ્થિતિને લઈને શહેરીજનો અને આગેવાનોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. સૌથી મોટો અને વ્યાજબી સવાલ એ ઉભો થઈ રહ્યો છે કે, જે આરોગ્ય તંત્ર પોતાની જ મુખ્ય કચેરીમાં સ્વચ્છતા અને શુદ્ધ પાણી જેવી પ્રાથમિક બાબતો જાળવી શકવામાં અસમર્થ છે, તે સમગ્ર વડોદરા શહેરના લાખો નાગરિકોના આરોગ્ય પ્રત્યે કેટલું ગંભીર અને ચિંતિત હશે? શું વડોદરા મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ આ ગંદકી અને બેદરકારીથી સંપૂર્ણપણે અજાણ છે? શું નાગરિકોને સ્વચ્છ શૌચાલય અને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવું એ તંત્રની પ્રાથમિક જવાબદારી નથી?

ડ્રેનેજ પ્રેશર લાઈન રિપેરિંગમાં આયોજનનો અભાવ

# ૩૦ લાખ વપરાઈ ગયા, વધુ ૧૫ લાખનો ખર્ચ કરાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સંચાલન અને નાણાકીય આયોજન સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરની ડ્રેનેજ પ્રેશર લાઈનના રિપેરિંગ અને જાળવણી માટે મંજૂર કરવામાં આવેલા વાર્ષિક ઈજારાની નાણાકીય મર્યાદામાં વધુ ૧૫ લાખનો ઉમેરો કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ૩૦ લાખની મૂળ નાણાકીય મર્યાદા સામે ટૂંકા સમયગાળામાં જ મોટા ભાગની રકમ વપરાઈ જતાં, કામગીરી શરૂ રાખવા માટે વધારાની ગ્રાન્ટ મંજૂર કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, વડોદરા કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડ્રેનેજ પ્રેશર લાઈનના રિપેરિંગ અને મેન્ટેનન્સ માટે ૩૦ લાખની સીમામાં કામગીરી કરવાનો વાર્ષિક કોન્ટ્રાક્ટ કન્ટ્રાક્ટર ભાવેશ આર. પંડ્યાને આપવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, આ ઈજારો આપતી વખતે પણ ટેન્ડરમાં અંદાજિત રકમ કરતાં ૨૭ ટકા જેટલા ઊંચા ભાવ રજૂ કરવામાં આવ્યા હોવા છતાં તેને મંજૂરી આપવામાં આવી હતી. નિયમ મુજબ આ વાર્ષિક કોન્ટ્રાક્ટની મુદત ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ પૂર્ણ થાય છે.

પરંતુ, ઈજારાની મુદત પૂરી થવામાં હજુ ઘણો સમય બાકી છે ત્યારે જ ૩૦ લાખની મર્યાદા સામે ૨૭.૫૦ લાખથી વધુની રકમના કામો થઈ ચૂક્યા છે. તેના પરિણામે દૈનિક અને જરૂરી રિપેરિંગ કામગીરી અટકી ન પડે તે હેતુથી નાણાકીય મર્યાદામાં વધુ ૧૫ લાખનો વધારો કરવાની દરખાસ્ત તંત્ર દ્વારા તૈયાર કરી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરાઈ છે. ઈજારાની મુદત પૂરી થાય તે પહેલા જ નાણાકીય મર્યાદા ખૂટી જતાં અને ૨૭ ટકા વધુ ભાવે અપાયેલા કામમાં પણ વધારાના બજેટની જરૂર ઊભી થતાં, તંત્ર દ્વારા કરવામાં આવેલા પ્રારંભિક ખર્ચના અંદાજો અને આયોજનની ક્ષતિઓ સામે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

## હાથીખાના આગ દુર્ઘટના, મહિલાનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

હાથીખાના વિસ્તારમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના પાંચ સભ્યો આગની ચપેટમાં આવીને ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની પ્રારંભિક સારવાર શરૂ કરવામાં આવી હતી. ઘટના અંગે માહિતી આપતાં હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, આ આગની દુર્ઘટનામાં દાઝી ગયેલા પાંચ પૈકી મહેબૂબાબેનનું ગઈકાલે સારવાર દરમિયાન નિધન થયું છે. હાલ બાકીના ચાર ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તબીબોની ટીમ તમામ દર્દીઓને ઉત્તમ અને સઘન સારવાર પૂરી પાડવા માટે પૂરી તાકાતથી પ્રયાસ કરી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સારવાર હેઠળ રહેલા ચાર દર્દીઓ પૈકી હજુ પણ એક દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર છે.

દબાણ હટાવાય છે ને ફરી ખડકાઈ જાય છે!

# માંડવી-લહેરપુરા રોડ પર પાલિકા ત્રાટકતાં લારીધારકોમાં ભારે ફફડાટ

**રસ્તા પરના** દબાણોથી વાહનચાલકો અને રહીશો હેરાન પરેશાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા શહેરના અતિ ચહલપહલ ધરાવતા અને ચાર દરવાજા વિસ્તારમાં આવેલ લહેરપુરા ગેટથી માંડવી ઈમારત સુધી ફરી એકવાર પાલિકાના દબાણ શાખા દ્વારા ગેરકાયદે ખાણીપીણીની લારીઓનું બજાર ધમાધમ હટાવવામાં આવ્યું છે. વારંવાર ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ થોડા સમય બાદ ફરીથી લારીધારકો તથા દબાણકર્તાઓ પોતાનો અડ્ડો જમાવી દે છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે તકલીફોનો સામનો કરવો પડે છે.

આ પરિસ્થિતિ વચ્ચે પાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા અચાનક દરોડા પાડીને કાર્યવાહી કરવામાં આવી હતી. જે દરમિયાન ૨ ટ્રક ભરીને લારી-ગલ્લાનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

ચાર દરવાજા વિસ્તારમાં દિવસ દરમિયાન મોટા પ્રમાણમાં લોકોની અવરજવર રહે છે, જેને કારણે અહીં ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાય છે. અહીં ખાસ કરીને ખાણીપીણી અને શાકભાજીની લારીઓ મુખ્ય રસ્તા પર ઊભી રહેતી હોવાના કારણે માર્ગો પરથી પસાર થતાં રાહદારીઓ તથા અન્ય નાના-મોટા વાહનોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડે છે. બીજી તરફ, રસ્તા પર ઊભી રહેતી ખાણીપીણીની લારીઓના લીધે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બનતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકો આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ગયા છે.

## ગુજરાતની ૮ શાળાઓમાં ૨૦૦૦થી વધુ માતાઓને બાળઉછેર અંગે માર્ગદર્શન

વડોદરાઃ બાળકોના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની ભૂમિકાને વધુ સશક્ત બનાવવાના હેતુથી Scholar HopeCrop દ્વારા School Capacity Building Project (SCBP) અંતર્ગત 'પરવરિશ - મધર્સ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતની આઠ શાળાઓમાં યોજાયેલી આ પહેલમાં 2,000થી વધુ માતાઓને સકારાત્મક પેરેન્ટિંગ, બાળ મનોવિજ્ઞાન અને જીવનકૌશલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં મનોવૈજ્ઞાનિક અને શિક્ષણવિદ્ ડૉ. ઉમામા અન્સારી તથા ડૉ. ઝૈનબ સુમરાએ બાળકોની લાગણીઓ સમજવી, તેમની સાથે સંવાદ જાળવવો અને આત્મવિશ્વાસ વિકસાવવો જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું. મોબાઈલ અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ વચ્ચે બાળકોને પ્રેમ, સુરક્ષા અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા પર ભાર મૂકાયો હતો.

રહીશોનો હલ્લાબોલ અને હાઈડ્રામા

# નવાપુરામાં ૩ દિવસથી પીવાના પાણીની અછત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

નવાપુરા વિસ્તારમાં આવેલા ખાટકીવાડમાં છેલ્લા ત્રણ દિવસથી પીવાનું પાણી ન મળતાં સ્થાનિક રહીશોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. પાણી જેવી મૂળભૂત સુવિધાથી વંચિત રહીશોએ એકત્ર થઈને પાલિકા તંત્ર અને સ્થાનિક પ્રતિનિધિઓ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને જોરદાર સૂત્રોચ્ચાર કરીને હોબાળો મચાવ્યો હતો. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ખાટકીવાડ વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. પાણી ન આવવાને કારણે રોજિંદા જીવનમાં મોટો આફતનો સામનો કરવો પડી રહ્યો છે. પીવાના ચોખ્ખા પાણી તેમજ ઘરવપરાશ માટે પાણી મેળવવા લોકોને ભારે વલખાં મારવા પડી રહ્યા છે. ખાસ કરીને ઘરકામ કરતી



ગૃહિણીઓને પાણીની સગવડ કરવા માટે કલાકો સુધી હેરાન થવું પડે છે. રહીશોએ ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પાણી બંધ થવાની સમસ્યા અંગે સ્થાનિક કાઉન્સિલર તેમજ મહાનગરપાલિકાની વોર્ડ કચેરીએ અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી અને અધિકારીઓ કે કાઉન્સિલરો માત્ર આશ્વાસન આપીને સંતોષ માની લે છે.

## એપીકે ફાઈલ મોકલી મહિલાના ખાતામાંથી ૩.૮૯ લાખની છેતરપિંડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

ગોરવા ખાતે રહેતા સંગીતાબેન શૈલેષભાઈ તંબોલી નામની મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત તા.14 જુલાઈ 2026 થી અત્યાર સુધીમાં મો.નં. 8487994076 પરથી ફરિયાદીના વોટ્સએપ નંબર પર ફાસ્ટેગ સર્વિસ ડોટ એપીકે નામની ફાઈલ મોકલવામાં આવી હતી. આરોપીઓએ આ ફાઈલ દ્વારા ફરિયાદીનો ફોન હેક કરી લીધો હતો અને ત્યારબાદ તેઓના ખાતામાંથી રૂ. 3,89,622.87 ઉપાડી લીધા હતા. આ સમગ્ર કૌભાંડમાં મો.નં. 8320396279 ના ધારક, ટ્રાન્ઝેક્શનના નાણા મેળવનાર બેન્ક ખાતાના ધારકો સહિત ગુનાહિત કાવતરા સાથે સંકળાયેલા તમામ ઈસમોએ એકબીજાની મદદગારી કરી ઓનલાઈન છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

જજ સામે પોલીસકર્મી સાથે ઘર્ષણ કરી હુમલો

# દિવાળીપુરા કોર્ટમાં માનસિક બીમારીથી પીડિત યુવકનો હોબાળો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા કોર્ટમાં કેનેડાથી પરત ફરેલા ગૌરાંગ ગિરીશભાઈ પટેલ નામના યુવકે વિચિત્ર અરજીઓ કરીને હોબાળો મચાવતાં કોર્ટ પરિસરમાં ચકચાર મચી ગઈ હતી. યુવકે કોર્ટની કાર્યવાહી દરમિયાન જજ સમક્ષ ઉગ્ર વર્તન કર્યું હોવાની સાથે પોલીસકર્મી સાથે પણ ઘર્ષણ કર્યું હતું. આ દરમિયાન પોલીસકર્મી પર હુમલો કરી તેના યુનિફોર્મના સ્ટાર તોડવા તેમજ આંખોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યાના આક્ષેપો સામે આવ્યા છે. બનાવને પગલે પોલીસે યુવકને અટકાયતમાં લીધો હતો. બીજી તરફ, પરિવારજનોના જણાવ્યા મુજબ ગૌરાંગની માનસિક સ્થિતિ સારી નથી અને તેની સારવાર ચાલી રહી છે. યુવકની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સમગ્ર મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. માંજલપુર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા ગૌરાંગ પટેલ કોર્ટમાં આતંકવાદીઓ વિરુદ્ધ વિવિધ અરજીઓ કરવા માટે આવ્યો હતો ત્યારબાદ તેણે હોબાળો મચાવતાં કોર્ટની કાર્યવાહી દરમિયાન અશાંતિ સર્જાઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસકર્મીઓએ દરમિયાનગીરી કરી હતી. જોકે, આ સમયે યુવક પોલીસકર્મી સાથે ઘર્ષણમાં ઉતર્યો હતો અને તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, પોલીસકર્મીના યુનિફોર્મ પરના સ્ટાર તોડવા તેમજ આંખોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હોવાની વિગતો પણ સામે આવી છે. આ ઘટનાને પગલે કોર્ટ પરિસરમાં દોડધામ મચી ગઈ હતી.

## ગોત્રી GMERS હોસ્પિટલની કેન્ટીનમાં કુકર ફાટતા મહિલા શ્રમિક ગંભીર રીતે દાઝયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી GMERS હોસ્પિટલ પરિસરમાં શ્રમજીવીઓની સુરક્ષાને લઈ સવાલો ઉભા કરતી એક ગંભીર ઘટના સામે આવી છે. હોસ્પિટલ કેમ્પસમાં ધમધમતી કેન્ટીનમાં વહેલી સવારે અચાનક પ્રેશર કૂકર ફાટવાથી ત્યાં કામ કરતી એક મહિલા શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. આ અકસ્માતમાં મહિલાને ચહેરા અને આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ મીડિયા દ્વારા સ્થળ પર જઈને કરવામાં આવેલી જાત તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. હોસ્પિટલ જેવી અત્યંત સંવેદનશીલ જગ્યાએ આવેલી આ કેન્ટીનમાં સંચાલકો દ્વારા કામદારોની સલામતી માટેના પ્રાથમિક સેફટીના સાધનો કે સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવ્યા ન હોવાનું સામે આવ્યું છે.

શિક્ષણ સમિતિની ઓફિસની આગથી બોધપાઠ લેવો જરૂરી

# પાલિકાની શાખાઓમાં જ ફાયર એનઓસીના ડખાં?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરમાં સામાન્ય નાગરિકો, હોસ્પિટલો, શાળાઓ અને વેપારી સંકુલોમાં ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન કરાવતી વડોદરા મહાનગરપાલિકાની પોતાની જ વહીવટી કચેરીઓમાં સુરક્ષાનો ભારે અભાવ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. પાલિકા દ્વારા શહેરીજનોને સુરક્ષાના મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ ખુદ કોર્પોરેશનની મુખ્ય કચેરી પરિસરમાં આવેલા એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ અને તેની બરાબર સામે આવેલી રોડ શાખાની ઓફિસમાં જ ફાયર સેફ્ટીના સાધનો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે,,. મળતી માહિતી મુજબ, પાલિકાની આ મહત્વપૂર્ણ કચેરીઓમાં કટોકટીના સમયે આગ પર કાબૂ મેળવવા માટે જરૂરી ફાયર એશિંગ્વિશર કે ફાયર એલાર્મ સિસ્ટમ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ બેસાડવામાં આવી નથી,. જવાબદાર તંત્રની આ પ્રકારની ઘોર બેદરકારીના કારણે ક્યારેય પણ કોઈ અનિચ્છનીય બનાવ કે આગની દુર્ઘટના સર્જાય તો કરોડો રૂપિયાના મહત્વપૂર્ણ સરકારી દસ્તાવેજો અને રેકોર્ડ ક્ષણવારમાં સ્વાહા થઈ શકે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઓફિસમાં અચાનક આગ લાગવાની ગંભીર ઘટના બની હતી.

આ આગની દુર્ઘટનામાં કચેરીનો મહત્વનો સરકારી રેકોર્ડ અને દસ્તાવેજો આગમાં બળીને સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા હતા. આ ઘટનામાંથી પણ વહીવટી તંત્ર દ્વારા કોઈ બોધપાઠ લેવામાં આવ્યો ન હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, કારણ કે હજુ પણ અનેક સરકારી શાખાઓ રામભરોસે ચાલી રહી છે.

## બાઈક ચોરી કરતો શખ્સ ઝડપાયો

( પ્રતિનિધિ ) વડોદરા, તા.15

વડોદરા શહેરમાં વધી રહેલી વાહનચોરીની ઘટનાઓને ડામવા ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે. ફતેગંજ બ્રિજ નીચે, કડકબજાર અને કમાટીબાગના પાર્કિંગ વિસ્તારને ટાર્ગેટ કરી મોટર સાયકલ ચોરી કરતા રાકેશકુમાર વસંતભાઈ દરજી ઉ.42 રહે. હલદર ગામ, તા.જી. ભરૂચ, મુળ ગામ રહાદ તા.વાગરા જી.ભરૂચને ઝડપી પાડી તેની પાસેથી કુલ 13 મોટર સાયકલ કબજે કરી છે. ક્રાઈમ બ્રાન્ચને મળેલી માહિતીના આધારે ટીમે તરસાલી આઈ.ટી.આઈ. રોડ પર વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતા એક ઈસમને રોકી તેની પાસેના વાહનના કાગળો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોકેટ કોપથી ખાતરી કરતા બાઈક તેની માલિકીની ન હોવાનું બહાર આવ્યું હતું. વધુ પૂછપરછમાં આરોપીએ કમાટીબાગ પાસેથી બાઈક ચોરી કર્યાની કબૂલાત કરી હતી. સઘન પૂછપરછમાં તેણે છેલ્લા દોઢ વર્ષમાં ફતેગંજ બ્રિજ, કમાટીબાગ અને કડકબજાર પાર્કિંગમાંથી કુલ 13 બાઈકો ચોરી કર્યાની કબૂલાત કરી છે.


ગુજરાત રાજ્ય
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૭ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર ઈ-૧ & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૪૯.૭૦ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ https://tender.nprocure.com પર તા.૧૬/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.

(માહિતી/ગોધરા/૫૬૭/૨૬)

ગુજરાત રાજ્ય
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૮ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર કુલ-૧ થી ૬ કામો ઇ-૧ & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૨૮.૫૧ લાખથી રૂ. ૪૯.૫૪ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ :https://tender.nprocure.com પર તા.૧૬/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગત વાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.

(માહિતી/ગોધરા/૫૬૮/૨૬ )

ગુજરાત રાજ્ય
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૯ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા બાંધકામ વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર કુલ-૧ થી ૩ કામો બી & ઉપરના વર્ગના ઈજારદાર પાસેથી એસ.બી.ડી ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૧.૬૧ કરોડથી રૂ. ૨.૧૧ કરોડ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ https://tender.nprocure.com પર તા.૧૬/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ ઉપરોક્ત વેબ સાઈટ પર જોવા મળશે તથા રૂબરૂ કચેરીના સમય દરમ્યાન સંપર્ક કરવો.

(માહિતી/ગોધરા/૫૬૬/૨૬)

જાહેર નિવિદા - ૧૨ સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પિટલની બાજુમાં, પીનકોડ - ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી રસ્તાના રીસરફેસીંગ, સી.સી. રોડ તથા અન્ય કામગીરીના અંદાજીત રકમ રૂા.૬૫૦૦.૦૦ લાખ સુધી (એસ.બી.ડી. / ઓ.પી.આર.સી. / પી.બી.એમ.સી.) ના કુલ ૮(આઠ) કામોના ટેન્ડર વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા.૦૪/૧૧/૨૦૨૬, ૧૬:૦૦ કલાક સુધીમાં ઉપલબ્ધ રહેશે.

વધુમાં કામોની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

(માહિતી/ગોધરા/૫૬૪/૨૬)